અપીલ અરજી નં.૨૯૭ તા.૧૩–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ) ના ફાઈનલ પ્લોટ નં.૩૦૦ માં સબ પ્લોટ નં.૨૧ –૨૨ અને ૨૩ (માર્જીન પ્લોટ) માં થઈ રહેલ અનધિકૃત બાંધકામને લગતી અરજીઓ તા.૨૬–૬–૦૯ ,૨–૭–૦૯,૨૭–૭–૦૯, ૨૯–૭–૦૯ તે ધ્યાને લઈ ગેરકાયદેસરનું બાંધકામ તોડવાની કાર્યવાહી કયારે કરવાના છો? તથા આજરોજ એ બાંધકામ કયા કારણે ટોડયુ નથી અને એ બાંધકામ કયા કારણે ચાલવા દિધુ ને અટકાવ્યું નથી તેની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૭/૨૦૦૯–૧૦

શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૧૩ (અડાજણ) ના ફાઈનલ પ્લોટ નં.૩૦૦ માં સબ પ્લોટ નં.૨૧–૨૨ અને ૨૩ (માર્જીન પ્લોટ) માં થઈ રહેલ અનધિકૃત બાંધકામને લગતી અરજીઓ તા.૨૬–૬–૦૯ ,૨–૭–૦૯,૨૭–૭–૦૯, ૨૯–૭–૦૯ તે ધ્યાને લઈ ગેરકાયદેસરનું બાંધકામ તોડવાની કાર્યવાહી કયારે કરવાના છો? તથા આજરોજ એ બાંધકામ કયા કારણે ટોડયુ નથી અને એ બાંધકામ કયા કારણે ચાલવા દિધુ ને અટકાવ્યું નથી તેની વિગતવાર માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ./૫૦૩ તા.૧૧–૧૨–૦૯થી આપેલ માહિતીથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૮ તા.૧૮–૧૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નિર્દિષ્ટ તારીખોના સંદર્ભની નકલો બીડેલ જણાતી નથી. તે અંગે તથા મુળ અરજીથી કોઈ નકલો માંગ્યાનું સ્પષ્ટ થતું નથી તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૫૪૪ તા.૨૪–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૫૦૩ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ, પ્લોટ નં.૨૧ ની વિકાસ પરમીશનની આપેલી મંજુરી નં.ટીડીઓ/ડબ્લ્યુઝેડ/ડીપી/૭૨ તા.૨૮–૭–૦૯ ના પત્રની નકલ, પ્લોટ નં. ૨૨ ની વિકાસ પરમીશનની આપેલી મંજુરી નં.ટીડીઓ/ડબ્લ્યુઝેડ/ડીપી/૭૩ તા.૨૮–૭–૦૯ ના પત્રની નકલ, પ્લોટ નં.૨૧ ના બાંધકામ અંગે આપેલ મનાઈ હુકમના પત્ર નં.પશ્ચિમઝોન/ટીડી/૨૭ તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ તથા બીપીએમસી એકટની કલમ–૨૬૦(૧)(અ) મુજબની નોટીસ નં.પશ્ચિમઝોન/ટીડીઓ/૨૮ તા.૧ ૦–૧૨–૦૯ ના પત્રની નકલ, પ્લોટ નં.૨૨ ની નં.પશ્ચિમઝોન/ટીડીઓ/ ૩૦ તા.૧૦–૧૨–૦૯ના પત્રની નકલ તથા નં.પશ્ચિમઝોન/ટીડી/૨૯ તા.૧૦–૧૨–૦૯ ના મનાઈ હુકમની નકલ,પ્લોટ નં.૨૩ નો નોંધ વિભાગ તથા પશ્ચિમઝોન/આ.નં .૧૪૧૯ તા.૧૩–૧૨–૦૫ એન.ઓ.સી. પત્રની નકલ, પ્લોટ નં.૨૧ અને ૨૨ અંગે તા.૨૪–૧૨–૦૯ ના રોજ અનુક્ર મે પત્ર નં.૧૬૮૩–૮૪ ના તાકીદના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી સંદર્ભ તારીખની નકલો તથા મુળ અરજીમાં નકલો માંગ્યાની સ્પષ્ટતા અંગે કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય સંદર્ભે માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ નં.૧૩(અડાજણ) ના ફા.પ્લોટ નં.૩૦૦ માં સબ પ્લોટ નં.૨૧ ના માળ વધારાના પ્લાન ટીડીઓ/૭૨ તા.૨૮–૭–૦૯ ના રોજ મંજુર થયેલ છે. ત્યારે પ્લોટ નં. ૨૨ ના પ્લાન નં.ટીડીઓ/૭૩ તા.૨૮–૭–૦૯ થી માળ વધારાનો મંજુર થયેલ છે. સદર મંજુર પ્લાન વિરુધ્ધ શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે પ્લોટ નં.૨૧ ને નં.ટીડીઓ/૨૭ તા.૧૦–૧૨–૦૯ થી મનાઈ હુકમ તેમજ નં.ટીડીઓ/૨૮ તા.૧૦–૧૨–૦૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. ત્યારે પ્લોટ નં.૨૨ નં.ટીડીઓ/૨૯ તા.૧૦–૧૨–૦૯ થી મનાઈ હુકમ તેમજ ટીડીઓ/૩૦ તા.૧૦–૧૨–૦૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં પ્લોટ નં.૨૩ માં ગુજરાત સરકારશ્રીના અનઅધિકૃત બાંધકામને અધિકૃત કરવાના કાયદા હેઠળ ગા.ફલોર (કોમર્શીયલ હેતુ માટે) રૂા.૧,૩૪,૭૦૦ /– તા.૧૭–૨–૦૩ થી તા.૨૦–૯–૦૩ સુધીમાં ભરપાઈ કરેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૧૨–૦૯ ના રોજ કરેલ અપીલ અરજીમાં વિગતવાર માંગ્યા મુજબ માહિતીના કાગળો જેવાકે, નોટીસની નકલો, આપેલ મનાઈની નકલો, આપેલ નથી. તથા સબ પ્લોટ નં.૨૩ ના ગેરકાયદેસરના બાંધકામ બાબતે શું કાર્યવાહી કરી તે જણાવી નથી. ઈમ્પેકટ ફી ભરીને બની ગયેલ બાંધકામ તે વખતના કાયદા પ્રમાણે અધિકૃત થઈ શકતા હતાં પરંતુ તેથી તે સ્થળે બાંધકામ તોડી પાડીને તદ્દન નવું બાંધકામ કરવા માટે ફરી મંજુરીની જરૂર હોય છે. આ માટે મંજુરી લીધી છે કે નહી? જો મંજુરી લીધી હોય તો તેની વિગત તથા ન લીધી હોય તો તેવા બાંધકામ બાબતે કોઈ પગલા લીધા છે કે નહીં તે કશું જણાવ્યું નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારે મુળ અરજીમાં નકલોની માંગણી કરેલ નથી અને તે અંગે અપીલ તબકકે તા.૧૮–૧૨–૦૯ ના રોજ પત્રથી પણ સ્પષ્ટતા માંગેલ. જે બાબતે અરજદાર તરફથી કોઈ વિગતો કે સંદર્ભ અરજીની નકલો પણ અત્રેના વિભાગને મળેલ નથી. વધુમાં અપીલ

તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો ઉત્પન્ન કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગજીવનભાઈ ગોવિંદભાઈ પટેલ,